પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૦૯ | ૨૮ જુન, ૨૦૧૮, ગુરૂવાર; નિજ. જેઠ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**કાનપુર-આગ્રામાં દોડશે મેટ્રો**

દેશના ચાર મોટા શહેરો કાનપુર, આગ્રા, ઈન્દોર અને ભોપાલમાં મેટ્રોની યોજનાને મંજૂરી મળી ગઈ છે. આ ચાર શહેરો પૈકી ઈન્દોરમાં સૌથી લાંબુ નેટવર્ક ગોઠવાશે. ટુંક સમયમાં તમામ શહેરોની કામગીરી શરૂ થશે.

**અનૂપ પાંડે યુપીના નવા મુખ્ય સચિવ**

અનૂપચંદ્ર પાંડે યુપીના નવા મુખ્ય સચિવ બનશે. તેઓ ૧૯૮૪ બેંચના આઈએએસ ઓફિસર છે. હાલના મુખ્ય સચિવ રાજીવકુમાર ૩૦ જૂને રિટાયર થઈ રહ્યા છે.

**પાક.ના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારનુ રાજીનામુ**

પાકિસ્તાનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર રિટાયર્ડ લેફટેનન્ટ જનરલ નસીર ખાને રાજીનામુ આપી દીધુ છે. કાર્યવાહક પ્રધાનમંત્રી અને પૂર્વ ચીફ જસ્ટીસ નસીરઉલ મુલ્ક સાથેના મતભેદોના કારણે તેઓએ રાજીનામુ આપી દીધુ હોવાનું કહેવાઈ રહ્યું છે.

**લાલુ પુત્ર બોલીવુડમાં નસીબ અજમાવશે**

બિહારના પૂર્વ સ્વાસ્થ્યમંત્રી તેજ પ્રતાપ યાદવ ટૂંક સમયમાં બોલીવુડમાં પદાર્પણ કરશે. તેજ પ્રતાપ ટુંક સમયમાં 'રૂદ્રઃ ધ અવતાર' ફિલ્મમાં દેખાશે.

**નીરવ મોદીને શોધવા ત્રણ દેશોની મદદ લેવાઈ**

કરોડો રૂપિયાનુ ઉઠામણુ કરી ફરાર થઈ જનાર નીરવ મોદીને શોધવા માટે ભારત સરકારે યુકે, ફ્રાંસ અને બેલ્જીયમની મદદ માંગી છે. મુંબઈ કોર્ટે તપાસ એજન્સીઓને નીરવ મોદીના પ્રત્યાપર્ણની કાર્યવાહી શરૂ કરાવવાની માંગ કરી છે.

# ઝારખંડમાં નકસલીઓનો લેન્ડમાઈન બ્લાસ્ટ

**બૂઢા પર્વત વિસ્તારમાં નક્સલીઓના સર્ચ પર નિકળેલા જગુઆર પોલીસ પાર્ટ પર હુમલો : : છ જવાન શહિદ : આ બ્લાસ્ટમાં પાંચ જવાનો ઘાયલ થયા, જવાનોની જવાબી કાર્યવાહીમાં નક્સલીઓ ભાગી નીકળ્યા**



લાતેહર,તા.૨૭

ઝારખંડના નકસલ પ્રભાવિત વિસ્તાર લાતેહરમાં નકસલવાદીઓના એક હુમલામાં પાંચ પોલીસકર્મી શહીદ થઈ ગયા છે. લાતેહરમાં આવેલ બૂઢા પર્વત વિસ્તારમાં નક્સલીઓના સર્ચ પર નિકળેલ જગુઆર પોલીસ પાર્ટી પર હુમલો કરી દીધો. આ હુમલામાં પોલીસના ૦૬ જવાનોએ પોતાના જીવ ગુમાવ્યા છે. જ્યારે પાંચ જવાનો ઘાયલ થઈ ગયા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

મળેલી જાણકારી અનુસાર સર્ચ પર નિકળેલ પોલીસને નિશાન બનાવીને નક્સલિઓએ પહેલા લેન્ડમાઈન્ડ બ્લાસ્ટ કર્યો, ત્યાર પછી જવાનો પર અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધી. ત્યાર પછી જવાનોએ જવાબી કાર્યવાહી કાર્યવાહીમાં નક્સલીઓ પર પણ ફાયરિંગ કરી ત્યારે નક્સલી ભાગી નિકળ્યા હતા.


જણાવવામાં આવી રહ્યું છે કે, જે પોલીસની ટીમ પર નક્સલીઓએ હુમલો કર્યો તેમા લાતેહાર અને ગઢવા જિલ્લાના એસપી પણ સામેલ હતા. જોકે, તેઓ બંને સુરક્ષિત હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

ગઢવા પોલીસ ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ વિપુલ શુક્લાએ મંગળવાર સાંજે લાતેહાર અને ગઢવાના સીમા વિસ્તારમાં છિંજો વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તર કોરિયા પરમાણુ સાઈટ પર હજુ પણ કામ કરી રહ્યું છે

**સેટેલાઈટ ફોટા પરથી ચોંકાવનારી વિગત ખુલી : ડોનાલ્ડ ટ્રમ્પ-કિમ જોંગ વચ્ચે શિખર મંત્રણા થઈ હોવા છતાં ઉત્તર કોરિયા ગુપ્ત રીતે ગતિવિધિમાં વ્યસ્ત**




નવી દિલ્હી, તા. ૨૭

ઉત્તર કોરિયા ઝડપથી પોતાના પરમાણુ સુધારા કેન્દ્રમાં ફેરફાર કરવામાં વ્યસ્ત છે. પરમાણુ અનુસંધાન કેન્દ્રમાં ઝડપથી સુધારા કરવામાં આવી રહ્યા છે. ન્યુક્લિયર સાઈટ ઉપર હજુ પણ નિર્માણ કામગીરી ચાલી રહી છે. વેબસાઈટ દ્વારા આ અંગેનો દાવો આજે કરવામાં આવ્યો હતો. આ મહિનાની શરૂઆતમાં જ સિંગાપુરમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉત્તર કોરિયાના લીડર કિમ જોંગ વચ્ચે ઐતિહાસિક શિખર બેઠક થઈ હતી. જેમાં આ લક્ષ્યની દિશામાં કામ કરવા માટે વાત થઈ હતી. પરમાણુ નિઃશસ્ત્રીકરણની દિશામાં વાત થઈ હતી. સિંગાપુર બેઠક નિઃશસ્ત્રીકરણની સ્પષ્ટ પરિભાષા આપવામાં અથવા તો ઉત્તર કોરિયા દ્વારા પરમાણુ હથિયારોના ભંડારને નષ્ટ કરવાના સંદર્ભમાં સ્પષ્ટ સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી. આવી સ્થિતિમાં વિખવાદો અકબંધ રહ્યા છે.

# અમરનાથ યાત્રાનો પ્રથમ જથ્થો રવાના

**સઘન સુરક્ષા વચ્ચે બાલતાલ અને બેઝ કેમ્પ માટે શ્રદ્ધાળુ રવાના : જમ્મુથી ૪૦૦ કિલોમીટરની યાત્રા કરી બાલતાલ પહોંચેલા આ શ્રદ્ધાળુઓની સંખ્યા ૧૫૬૦ નોંધાઈ : ૬૦ દિનની યાત્રામાં હજુ સુધી અઢી લાખની નોંધણી**



જમ્મુ, તા.૨૭

અમરનાથ યાત્રાને લઈને શ્રદ્ધાળુઓમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રાને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી છે. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અમરનાથ યાત્રા માટે શ્રદ્ધાળુઓનો પ્રથમ કાફલો આજે સવારે જમ્મુથી બાલતાલ અને બેઝ કેમ્પ માટે રવાના થયો હતો. જમ્મુથી આશરે ૪૦૦ કિલોમીટરની યાત્રા કરીને બાલતાલ પહોંચનાર આ જથ્થામાં ૧૫૬૦ જેટલા શ્રદ્ધાળુઓ છે. ૬૦ દિવસની આ યાત્રામાં આ વખતે અઢી લાખથી વધુ શ્રદ્ધાળુઓ

● અનુસંધાન પાન-૭ પર

## નીતિશ કુમારે ફોન કરીને લાલુ પ્રસાદ યાદવના ખબર અંતર પૂછ્યા

પટણા,તા.૨૭

રાજકારણમાં કંઈક જ અશકય નથી. આ કહેવત ખૂબ જૂની અને આજે પણ એટલી જ અસરદાર છે. અત્યારે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારના એક ફોન કોલ પછી રાજયના રાજકારણમાં ફરી એકવખત આ કહેવતની ચર્ચા શરૂ થઈ ગઈ છે. નીતીશ કુમારે મંગળવારના રોજ મુંબઈમાં સારવાર લઈ રહેલા આરજેડીના સુપ્રીમો અને જૂના મિત્ર અને હાલના હરિફ લાલુ પ્રસાદ યાદવને ફોન કરી ખબર અંતર પૂછયા. ત્યારબાદથી જ બિહારમાં નવા રાજકીય સમીકરણની ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે.

આપને જણાવી દઈએ કે બિહારના પૂર્વ સીએમ લાલુ પ્રસાદ યાદવની સારવાર મુંબઈની એશિયન હાર્ટ ઈન્સ્ટિટ્યુટમાં ચાલી રહી છે. આ ફોન કોલ જયારે આવ્યો ત્યારે લાલુનો દીકરો અને બિહારના પૂર્વ ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવ પણ પોતાના પિતાની સાથે હોસ્પિટલમાં હાજર હતા.

## ભારતને રૂસથી એસ-૪૦૦ ડિલને રોકવા અમેરિકાના ધમપછાડા

**અમેરિકા પોતાના બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ ઓપન્શન પસંદ કરવા માટે રાજી કરશે : અમેરિકા પ્રતિસ્પર્ધી દેશોની સંરક્ષણ કંપનીઓ પર પ્રતિબંધ લગાવશે**

વૉશિંગ્ટન,તા.૨૭

ભારતને રૂસથી એસ-૪૦૦ની ડીલને અંજામ આપતા રોકવા માટે અમેરિકા તેને પોતાના બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ ઓપશન્સ પસંદ કરવા માટે રાજી કરવાની કોશિષ કરી શકે છે. એક અખબારમાં છપાયેલા રિપોર્ટ પ્રમાણે અમેરિકન સરકાર બેલિસ્ટિક મિસાઈલ સિસ્ટમને ૬ જુલાઈના રોજ નક્કી દ્વિપક્ષીય ૨+૨ વાર્તાનો એજન્ડા બનાવી શકે છે. આ મુલાકાત માટે વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને રક્ષા મંત્રી નિર્મલા સીતારમણ અમેરિકા જશે.

વૉશિંગ્ટનમાં યોજાનાર ૨+૨ મુલાકાતમાં ઈન્ડિયાને ટર્મનિલ હાઈ અલ્ટિટ્યુડ એર ડિફેન્સ સિસ્ટમ ઓફર કરી શકે છે. આ અત્યાધુનિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખાસ કરીને લૉન્ગ રેન્જ મિસાઈલ સામે ખાસ્સી ઉપયોગી સાબિત થશે તેમ મનાય છે. જો કે એસ-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખાસ કરીને એફ૧૮ અને એફ ૩૫ જેવા લડાકુ વિમાનો સહિત કેટલાંય હવાઈ હુમલામાં સક્ષમ ગણાય છે.

આમ તો રૂસમાં બનનાર એસ-૪૦૦ના લેટેસ્ટ વર્ઝનની રેન્જ વધુ છે, પરંતુ શું આ ઈન્ટરમીડિયેટ રેન્જ અને ઈંટરકૉન્ટિનેંટલ બેલિસ્ટિક મિસાઈલ સિસ્ટમની વિરૂદ્ધ THAAD કરતાં શ્રેષ્ઠ છે. આ અંગે અત્યારે પાક્કા પાયે કંઈ કહી શકાય નહીં. આ અંગ જાણ થઈ છે કે રૂસથી એસ-૪૦૦ ખરીદવાના ભારત સરકારના પ્રસ્તાવથી ટ્રમ્પ મેનેજમેન્ટમાં હોબાળો મચી ગયો છે.

હવે ભારતની એસ-૪૦૦ ડીલ અમેરિકા માટે સંવેદનશીલ મુદ્દો બની ગયો છે. અમેરિકન સંસદમાં રૂસી ડિફેન્સ એન્ટિટીઝની વિરૂદ્ધ પ્રતિબંધ મૂકનાર એક ધારાસભ્ય પર ચર્ચા થઈ રહી છે. તેના દાયરામાં રૂસી ડિફેન્સ એન્ટીટીઝના બાયર્સ પણ આવશે.

## ભારતમાં દર મિનિટ ૪૪ ભારતીય ગરીબીમાંથી બહાર નિકળે છે

**ભારત હવે સૌથી વધુ ગરીબ વસ્તી ધરાવનાર દેશ નથી જ : વિશ્વમાં ગરીબી ઘટવાનો સૌથી વધુ ઝડપી દર ભારતમાં હોવાનો દાવો થયો : દેશ માટે રાહતની બાબત : બ્રુકિંગ્સના 'ફ્યુચર ડેવલપમેન્ટ' બ્લોગમાં પ્રકાશિત અભ્યાસમાં ખુલાસો**

નવી દિલ્હી,તા. ૨૭

ભારત હવે દુનિયાના સૌથી વધારે ગરીબ વસ્તી ધરાવતા દેશોની યાદીમાં નથી. હાલમાં પ્રકાશિત કરવામાં આવેલા હેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે દર મિનિટે ૪૪ ભારતીય લોકો અત્યંત ગરીબીની શ્રેણીમાંથી બહાર નિકળી રહ્યા છે. જે દુનિયામાં ગરીબી ઘટવાની સૌથી ઝડપી ગતિ છે. પરિણામ એ રહ્યુ છે કે ભારતે વિશ્વમાં સૌથી વધારે ગરીબ વસ્તી ધરાવતા દેશ તરીકેની તેની છાપ દુર કરી દેવામાં સફળતા હાંસલ કરી લીધી છે. મે ૨૦૧૮માં નાઈજિરિયાએ ભારતની જગ્યા લઈ લીધી છે. જો વર્તમાન ગતિ યથાવત રહેશે તો ભારત આ વર્ષે આ યાદીમાં એક ક્રમ વધારે લપસીને ત્રીજા નંબર પર પહોંચી જશે. તેની જગ્યાએ કોન્ગો બીજા સ્થાન પર પહોંચી જશે. હાલમાં ભારત સૌથી વધારે ગરીબ વસ્તી ધરાવનાર બીજા દેશ તરીકે છે. બ્રુકિગ્સ ના એક બ્લોગમાં પ્રકાશિત થયેલા હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે સૌથી વધારે ગરીબની હદમાં એવી વસ્તી આવે છે જેમની પાસે જીવન ગાળવા માટે દરરોજ ૧.૯ ડોલર અથવા તો આશરે ૧૨૫ રૂપિયા હોતા નથી. અભ્યાસ કહે છે કે વર્ષ ૨૦૨૨ સુધી ત્રણ ટકાથી પણ ઓછા ભારતીય ગરીબ રહી જશે. જ્યારે વર્ષ ૨૦૩૦ સુધી દેશમાં અત્યંત ગરીબની શ્રેણી સંપૂર્ણપણે ખતમ થઈ જશે. ભારત ઝડપથી ગરીબીના દુષણમાંથી બહાર નિકળી રહ્યુ છે.

## કાશ્મીરમાં પત્રકાર સુજાત બુખારીના ત્રણ હત્યારાઓની ઓળખ થઈ

**હત્યારાઓ પૈકી એક પાકિસ્તાનનો હોવાનો ખુલાસો : લશ્કરે તોયબાના આતંકવાદી નાવેદ જટ્ટનું નામ પણ ખુલ્યું**

શ્રીનગર, તા.૨૭

જમ્મુ-કાશ્મીરમાં પત્રકાર સુજાત બુખારીની હત્યામાં સામેલ રહેલા હુમલાખોરોની ઓળખ કરી લેવામાં આવી છે. સૂત્રોના કહેવા મુજબ આ હત્યામાં સામેલ રહેલા હુમલાખોરો પૈકી એક પાકિસ્તાનથી છે. જ્યારે અન્ય બે દક્ષિણ કાશ્મીરના હોવાનું જાણવા મળ્યું છે. એમ કહેવામાં આવી રહ્યું છે કે આ હત્યામાં નાવેદ જટ્ટનું નામ પણ સામેલ આવી રહ્યું છે જે લશ્કરે તોયબા સાથે જોડાયેલો આતંકવાદી છે. અલબત્ત આ સંદર્ભમાં સત્તાવાર રીતે કોઈ નિવેદન જારી કરવામાં આવ્યું નથી. સૂત્રોના કહેવા મુજબ સુજાતની હત્યાના મામલામાં પાકિસ્તાન તરફથી એક મોટા કાવતરાના ઈનપુટ પણ મળી રહ્યા છે. હવે તપાસ સંસ્થાઓ ઉંડી તપાસમાં લાગેલી છે. આ હત્યાકાંડમાં સામેલ એક આતંકવાદીની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. જ્યારે ત્રણ અન્યના સંદર્ભમાં એસઆઈટી અને અન્ય એજન્સીઓ સતત તપાસ કરી રહી છે. પત્રકારની હત્યામાં એક પાકિસ્તાની ત્રાસવાદી સામેલ હોવાની વિગત સપાટી ઉપર આવી રહી છે. જમ્મુ-કાશ્મીર પોલીસ અથવા કોઈ અન્ય તપાસ સંસ્થા હજુ સુધી આ સંદર્ભમાં કોઈ સત્તાવાર નિવેદન જારી કરી શકી નથી.




તાત્કાલિક ભાડે/વેચાણથી જોઈએ છે
1-5 BHK ફ્લેટ/બંગલો/ટેનામેન્ટ/પ્લોટ (Resi./Comm.)
200-5000 ft. ઓફીસ/દુકાન/શો-રૂમ/ગોડાઉન/શેડ
Bank/MNC Family/Bachelor/Hostel માટે ઈન્ફોસીટી,
સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ, સે.-૧ થી ૩૦, GIDC
THE SPACE 93288 01440, 93287 01440
E-mail : npthespace@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં સૌ પ્રથમ વખત
(રાત્રી ખાણી પીણી) બજાર
એકજ સ્થળ પર માણો ૫૦૦થી વધુ અવનવી વાનગીઓનો સ્વાદ.
આ કુપન સાથે લાવનારને ૧૦% ડિસ્કાઉન્ટ
શરતનો આધિન
સમય : સાંજે ૬.૦૦ થી શરૂ (પરમેનેન્ટ ફ્રી એન્ટ્રી)
ગાંધીનગર હાર્ટ ધ હન્ગર પાર્ક
ઈન્ફોસીટી ક્લબ એન્ડ રીસોર્ટ, ઘ-૦, ગાંધીનગર.